# આજે હિંમતનગરમાં ઋત્વિજ પટેલનો રોડ શો

હિંમતનગર, તા. ૯

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા-સાબરકાંઠા જીલ્લા દ્વારા આજરોજ તા.૧૦મી મે ૨૦૧૭ના બપોરે ૨ કલાકે હિંમતનગર શહેરના સહકારીજીન ચાર રસ્તાથી યુવા મોરચા દ્વારા ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવેલ છે. જેનુ નેતૃત્વ પ્રદેશ ભાજપ યુવા પ્રમુખ ડૉ. ઋત્વીજ પટેલ કરશે. આ પ્રસંગે સમગ્ર જીલ્લામાંથી યુવાનો ઉપસ્થિત રહી શહેરના વિવિધ વિસ્તારમાં રોડ શો કરી ટાઉનહોલમાં બપોરે ૩.૩૦ કલાકે સન્માન સમારંભ યોજાશે જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, જીલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ, જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોષી, તખતસિંહ હડીયોલ, હિતેશભાઈ પટેલની ઉપસ્થિતમાં જીલ્લા યુવા પ્રમુખ કલ્પીત દવે તથા સંગઠનના પદાધિકારીઓ, યુવા મોરચાના હોદેદારો, ઉપસ્થિત રહી નવનીયુકત ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ઋત્વીજ પટેલનું ભવ્ય સન્માન કરવામાં આવશે સાથે પ્રદેશ યુવા ભાજપ મંત્રી અને સાબરકાંઠા જીલ્લા યુવા મોરચાના પ્રભારી કાલ્પનીક ચોકસી, પ્રદેશ યુવા મંત્રી હિમાંશુ પટેલનું પણ સન્માન કરવામાં આવશે. તેમ જીલ્લા યુવા મહામંત્રી સંજય પટેલ અને મેહુલ મિસ્ત્રીએ જણાવેલ.

આ પ્રસંગે યુવા મોરચાના પ્રમુખ કલ્પીત દવેએ જણાવેલ કે, ભાજપ દ્વારા યુવાનો માટે સંગઠનાત્મકલક્ષી કાર્યો તેમજ યુવા મોરચાની વિવિધ ભૂમિકા અને જવાબદારી વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

# અરવલ્લી જિલ્લામાં 'હીટવેવ'

## મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું : જિલ્લાના જનજીવન પર ઘેરી અસર

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી લગાતાર રોજ ગરમીનું તાપમાન વધતું જ જતા આજે વધીને ૪૩.૫ ડિગ્રી તાપમાને આકાશમાંથી વરસતા અગનગોળાને લઈ આજે સવારના દસ વાગ્યાથી જ પ્રભાવી ગરમી કેર વરસાવી રહી હતી.

જિલ્લાના ગ્રામ્ય તેમજ જિલ્લાના અને રાજ્ય-રાષ્ટ્રીય ધોરી માર્ગો પણ દેહને દઝાડતી આ અસહ્ય ગરમીને લીધે બપોરના સમયે આજે તો ખૂબ લાંબો સમય સુધી સુમસામ ભાસતા હતા. મે મહિનાની શરૂઆતમાં પડતી હતી આ હાલત છે તો હજુ મે આખો અને જૂન મહિનામાં અને વરસાદ આવે ત્યાં સુધી જૂન પૂરો થવા સુધી તાપમાન ક્યાનું ક્યાં પહોંચશે તે ચિંતાથી લોકો ભયભીત બની ગયા છે.

ઘરોમાં જે કચેરીઓમાં ફરતા હવા નાખતા પંખા પણ ગરમ પવન ફૂંકે છે, ક્યાંય કોઈને ઘરમાં કે બહાર ચેન નથી. ખેતરોમાં ખેડૂતો ખેત મજૂરો અને શ્રમજીવીઓ આજકાલ ઘઉં કાઢવાની કામગીરી કરતા હોઈ પરસેવે રેબઝેબ થઈને નજીક કોઈ વૃક્ષનો છાંયડો શોધતા નજરે પડતા હતા. માનવી તો આમ તેમ ગમે તે રીતે ગરમી સામે રક્ષણ મેળવી લે પણ અગનવેરતા આકાશ હેઠળ પશુ પંખી જેવા અબોલ જીવોની શી વલે થતી હશે તે કલ્પના પણ થઈ શકતી નથી અને હવામાન વિભાગની આગાહી માનીએ તો હજુ પણ આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની શક્યતાઓ નકારી શકાતી નથી.



## નાની બેબાર પાસે ટ્રેક્ટર પલટી જતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના નાની બેબાર ગામ નજીક રવિવારે બપોરે ટ્રેક્ટરની ટ્રોલીમાં પથ્થર ભરી લઈ જતા અચાનક બ્રેક મારતા ટ્રેક્ટર પલટી મારી ગયું હતું જેમાં ચાલક વિનોદભાઈ જગદીશભાઈ કાથોડીને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને તાત્કાલિક સારવાર અર્થે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે ગાંભોઈ પોલીસ મૃતકની પત્નિ આશાબેને ફરિયાદ નોધાવતા પોલીસે ચાલક વિરૂદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિમતનગરમાંથી બાઈક ચોરી

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના બસ સ્ટેન્ડ સામે આવેલ ભાગ્યોદય હોસ્પિટલના પાર્કિંગમાં શહેરના વિનાયક નગરમાં રહેતા ગોવિંદભાઈ હરજીભાઈ ડામોરે પોતાનું બાઈક પાર્ક કરેલ જે ચોરી થતા બી-ડીવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોધાવી હતી.

# પાલિકાના પ્રમુખ તરીકે ઉપપ્રમુખે ચાર્જ લીધો, કોંગ્રેસમાં ખુશીની લ્હેર

મહેસાણા નગરપાલિકા પ્રમુખ નિમિષાબેન પટેલ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં જ્યારે ઉપપ્રમુખે સત્તા હાસલ કરતા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીની લ્હેર જોવા મળી હતી.

હોવા છતાં પણ અપ્લીઅક પ્રમુખ નિમિષાબેન પટેલે જાતે રાજીનામું ન આપ્યું હતું. આજે વિવાદોના અંતે



આવી હતી તેના ૩ દિવસ બાદ તેમની સત્તા આજરોજ પૂરી થવા ગઈ હતી. જેના કારણે પાલિકા પ્રમુખનો ચાર્જ પાલિકાના જ ઉપપ્રમુખ જયદીપસિહ ડાભીએ લીધો હતો. જ્યારે ઘણા વિવાદો બાદ આજે ઉપપ્રમુખ સત્તા પર આવતા આગામી સમયમાં પડતર પ્રશ્નોનો જડપી નિર્ણય આવે તેવી હૈયા ધારણ હાલમાં પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ જયદીપસિહ ડાભીએ આપી હતી.

મહેસાણા નગરપાલિકાના પ્રમુખની અવિશ્વાસનો મામલો ગત બોર્ડમાં ભારે ચર્ચાના એરણે ચડવા ગયો હતો. પાલિકાના પ્રમુખની સામે ૩૯ સભ્યોની હાજરીમાં ૩૮ સભ્યોએ અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જેના કારણે ગતરોજ પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત બોર્ડે મંજુર કરતા પાલિકા પ્રમુખનો આજે સમય પત્યો હતો અને ત્રણ દિવસના સમયમાં આ વિશ્વાસ કોંગ્રેસના જ ઉપપ્રમુખે પાલિકા પ્રમુખનો ચાર્જ ધારણ વિજય મૂહર્ત ૧૨.૩૯ વાગ્યે કર્યો હતો અને પાલિકાના ઉપપ્રમુખ પ્રમુખનો તાજ પહેરતા સત્તાધારી પક્ષ સહિત વિપક્ષ ભાજપે પણ નવીન પ્રમુખને અભિનદન આપ્યા હતા. નવીન પ્રમુખ મહેસાણા નગરપાલિકાના જયદીપસિંહ નારસિંહજી ડાભી પ્રમુખ બનતા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## સ્વનિર્ભર શાળા ફી નિયમન અંગે ખાનગી શાળાઓના સંચાલકો સાથે પાલનપુર ખાતે સેમિનાર યોજાયો

પાલનપુર, તા. ૯

ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક-૨૦૧૭ અન્વયે ખાનગી શાળાઓના સંચાલકો સાથે પાલનપુર ખાતે એક દિવસીય સેમિનાર યોજાયો. બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાલનપુર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે વિધામંદિર ટ્રસ્ટ કેમ્પસમાં આવેલ કાનુભાઈ મહેતા હોલમાં તા. ૬-૫-૨૦૧૭ના રોજ ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક-૨૦૧૭ની સમજ તથા અમલીકરણ કાર્ય પધ્ધતિની સમજ આપવા માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ એક દિવસીય સેમિનારમાં બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ રાવલ અને જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડૉ. દિપક દરજી ધ્વારા વિધેયકની વિવિધ કલમો અને અનુસરવાની કાર્યરીતિની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ધ્વારા સમજ આપવામાં આવી હતી.

# પાલનપુરમાં પી.એસ.આઈ. અને વકીલ બાખડ્યા

## અડચણરૂપ ગાડી હટાવવા બાબતે મામલો બીચક્યો : વકીલની અટકાયત

પાલનપુર શહેરના વધતા જતા વિકાસ સાથે ખુદ પાલિકાના



શાસકો દ્વારા ટાઉન પ્લાનિંગના નિયમોના ધજીયા ઉડાવતાં શહેરના રાજમાર્ગો પર પાર્કિંગની વિકટ સમસ્યા પ્રવર્તી રહી છે. ત્યારે આજે શહેરના સીટીલાઈટ રોડ પર અડચણરૂપ ગાડીને લઈને એક વકીલ અને પી.એસ.આઈ વચ્ચે ચકમક ઝરતા મામલો પોલીસ થાણે પહોંચ્યો હતો. ઘટના સ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ, વડગામ તાલુકાના જલોત્રા ગામના કલ્પેશ ચૌધરી નામના વકીલએ પાલનપુરના સિટીલાઈટ રોડ પર પોતાની કાર પાર્ક કરી હતી. જે ટ્રાફિકને અડચણરૂપ હોવાનું ગણાવી સીટી પી.એસ.આઈ.બારડે ગાડીને લોક માર્યુ હતું. જે બાબતને લઈને વકીલ અને સીટી પી.એસ.આઈ વચ્ચે ઉગ્ર શાબ્દિક બોલાચાલી અંતે ઝપાઝપીમાં પરિણમી હતી.

જોકે, તમાશાને તેડું ન હોય તેમ કાયદાના રક્ષક અને કાનૂનવિદ વચ્ચેનો જંગ જોવા લોકો ટોળે વળ્યાં હતા. દરમિયાન, સી ટી પી.એસ.આઈ. એ ૩૩૨ મુજબ ફરિયાદ નોંધાવતા આરોપી કલ્પેશ ચૌધરીની અટકાયત થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# ભાગળમાં જૂથ અથડામણ : ૯ ઘાયલ

પાલનપુર તાલુકાના ભાગળ ગામમાં જૂથ અથડામણ થતા ૯ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલા ઈજાગ્રસ્તોના જણાવ્યા મુજબ, પાલનપુર તાલુકાના ભાગળ ગામમાં અગાઉના સરપંચ દ્વારા પ્લોટ કૌભાંડ આચરાયું હતું. જેને પગલે નવીન ચૂંટાયેલા સરપંચે આ કૌભાંડ ઉજાગર કરતા પૂર્વ સરપંચ અને તેના મળતીયાઓ ઉશ્કેરાઈ ગયા હતા. દરમિયાન, પૂર્વ સરપંચે તેના સાગરીતો સાથે નવા સરપંચ અને સભ્યો પર હથીયારો વડે હિચકારો હુમલો કર્યો હતો. જે હુમલામાં ૯ જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. આ હુમલામાં ઘાયલ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



## પાલનપુરમાં ઘોડો ભડકતા ૫ વ્યક્તિઓને અડફેટે લીધા

પાલનપુરના જનતાનગર વિસ્તારમાં સોમવારે રાત્રે એક ઘોડો અચાનક ભડક્યો હતો. જેની અડફેટમાં આવતાં ૫ જેટલા વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા. પાલનપુરના જનતાનગર વિસ્તારમાં સોમવારે રાત્રે અફરા તફરી મચાવનારી ઘટનાની વિગતો એવી છે કે, રાત્રીના ૧૦.૧૫ કલાકના સુમારે કેટલાક લોકો ગરમીથી અકળાઈને માર્ગ ઉપર ફરી રહ્યા હતા. તે સમયે એકાએક ભડકેલો ઘોડો આવી ચડ્યો હતો. જેને ૫ જેટલા લોકોને અડફેટે લેતા નાસભાગ મચી જવા પામી હતી. દરમિયાન આજુબાજુના લોકો દોડી આવી ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડયા હતા.



# મહેતાપુરા ખાતે ૩.૫૩ કરોડના ખર્ચે નવનિર્મિત નવિન કચેરીનું લોકાર્પણ કરાયું

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના અંતર્ગતના રૂ. ૩.૫૩ કરોડના ખર્ચે નવનિર્મત કચેરીનુ લોકાપર્ણ પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયા તથા જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભાઈ કાકડીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધન કરતા પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરયાએ જણાવ્યું હતું કે, રાજય સરકારની નેમ છે કે ખેડૂતની આવક બમણી કરવી છે તેથી ખેતીના સાથે પશુપાલનને પુરકને બદલે મુખ્ય વ્યવસાય તરીકે ઉભર્યો છે જેમાં બહેનોનો ફાળો ઘણો જ મહત્વનો છે. મંત્રી બે દાયકા અગાઉની પરિસ્થિતિની વાત કરતા જણાવ્યું હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં પાકા રસ્તાઓનો અભાવ હતો જેને દૂધ સાચવવાના મોટા પ્રશ્નો ઉભા થતા આજે ગામડાના દૂધ ઘરમાં મિલ્ક ચિલિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

વધુમાં મંત્રીએ પશુ સુધારણા કાર્યક્રમને વેગ આપવામાં આવતુ હોવાનું જણાવી તેમણે રાજયમાં ત્રણ નવિન સીમેન સેન્ટર ઉભા કરવામાં આવશે તેમ તેમણે ઉમેરી પશુઓની નવી જાત શ્વેતક્રાંતિ સર્જી પશુપાલકોના આર્થિક ઉન્નતિના દ્વાર ખોલશે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ સાબરકાંઠા જિલ્લાએ શ્વેતક્રાંતિમાં હરણફાળ ભરી છે. સાબર ડેરી દ્વારા ૬ લાખ લિટર દૂધનું ઉત્પાદન કરી દેશ-પરદેશમાંમોકલવામાં આવી રહ્યુ છે.



રાજય સરકારના ત્વરીત નિર્ણય શક્તિથી પ્રજાની સુખાકારીના નવા આયામ ખોલ્યા છે.

કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ પશુપાલકોનું સન્માન ઉપરાંત સહાયના લાભાર્થીઓને સહાયનું વિતરણ મંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

## બાવળકાઠીયા પાસે ટ્રેક્ટર અને ઈકો વચ્ચે અકસ્માતમાં બે ના મોત

સાબરકાંઠા જિલાના ખેડબ્રહ્મા તાલુકાના બાવળકાઠીયા ગામ નજીક રવિવારે બપોરના સમયે ટ્રેકટર અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ઈકો કારમાં બેઠેલા મુસાફરો સહીત ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં બે જણાના મોત નીપજ્યા હતા. આ અંગે ખેરોજ પોલીસ ઈકો કારના સંજયભાઈ શશીકાંતભાઈ પટેલની ફરિયાદ આધારે નંબર વગરના ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

બરોડાના કારેલીબાગ વિસ્તારમાં આવેલ ન્યુ વીઆઈપી રોડ પરની સુશીલ સોસાયટીમાં ૫ નંબરમાં રહેતા સંજયભાઈ શશીકાંતભાઈ પટેલ પરિવાર સાથે અંબાજી તરફ થી ખેડબ્રહ્મા તરફ જઈ રહ્યા હતા દરમિયાન બાવળકાઠીયા ગામ નજીક સામેથી આવતા નંબર વગરના ટ્રેક્ટરે સામેથી આવતી ઈકો કાર સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ઈકો ચાલક સહીત બેઠેલા મુસાફરોને શરીરે ઈજાઓ થઈ હતી જેમાં બરોડાના વિજયભાઈ શશીકાંતભાઈ પટેલ(ઉવ-૩૬) અને અર્જુનભાઈ રમેશભાઈ વસાવા(ઉવ-૨૨)ને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમના મોત નીપજ્યા હતા.

# મેલેરિયા મુક્ત અરવલ્લી જિલ્લાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા કાર્યયોજના

અરવલ્લી, તા. ૯

અરવલ્લી જિલ્લાના ૪૫૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ દ્વારા જિલ્લાના કુલ ૨૦૪૬૮૪ ઘરોની કુલ ૧૦.૮૧,૬૭૫ વસ્તીને આવરી લઈ કુલ ૩૯૮૬ શંકાસ્પદ કેસો શોધી તેની તપાસ કરવામાં આવેલ, જેમાં કોઈ મેલેરિયાનો કેસ મળેલ નથી. તમામ શંકાસ્પદ તાવના કેસોને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ. ઘરે ઘરે સર્વેની કામગીરી દરમ્યાન મચ્છર ઉત્પત્તિ સ્થાનો જેવા કે પાણીની ટાંકી, હોજ, ગઢી, માટલા, પક્ષીકુંજ, ટાયર, એરકુલર, ફ્રિજ વગેરે કુલ ૪૫૫૮૪૫ પાત્રોની તપાસ કરવામાં આવેલ તે પૈકી ૬૨૦૭ પાત્રોમાં પોરા જોવા મળેલ જેનો નાશ કરવામાં આવેલ. આ સાથે સાથે મેલેરિયા અને અન્ય મચ્છરજન્ય રોગોથી કઈ રીતે બચી શકાય તે બાબતનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. તા. ૨૫-૪-૧૭ મેલેરિયા દિવસ અંતર્ગત અરવલ્લી જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રોના વિસ્તારમાં ગ્રુપ મીટીંગ, જુથ ચર્ચા યોજવામાં આવી તેમજ ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત ગુજરાત મિશન અંતર્ગત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. મચ્છરજન્ય રોગો અને મેલેરિયા મુક્ત અરવલ્લી તેમજ મેલેરિયા મુક્ત ગુજરાત માટે સૌના સાથ અને સહકાર મળે તેવી વિનંતી છે. આ રોગોને અટકાવવા માટેની જાણકારી મેળવવા નજીકના પ્રા.આ. કેન્દ્રની મુલાકાત અવશ્ય લો અને રોગને અટકાવવા સહભાગી બનો એવી અપેક્ષા છે.

# પાટણ શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે બે દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

ઐતિહાસિક નગરી પાટણ



ખાતે આવેલ શ્રી વિશ્વકર્માના મંદિર ખાતે બે દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

પાટણ ખાતે ૩૦૦ વર્ષથી પણ વધારે પૂર્વે શ્રી વિશ્વકર્માજીના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા મંદિરનું રીનોવેશન કરાવી મંદિર શિવ પરીવાર, રામ, લક્ષ્મણ, સીતાજી, કાલભૈરવ, હનુમાન દાદાની, બહુચરાજીની મૂર્તિઓનો બે દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં વૈશ્ય સુથાર સમાજના ભાઈ-બહેનો સહિત વિવિધ તાલુકાઓ જિલ્લાઓમાંથી ધર્મપ્રેમી લોકો હજારોની સંખ્યા ઉપસ્થિતિ રહ્યાં હતા. જયારે બે દિવસીય યોજાયેલ કાર્યક્રમમાં હવન, પૂજા સહિત શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા હતા.



## સાબરકાંઠામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૩૨ હજાર ગેસ કનેક્શન અપાયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગરીબ લાભાર્થીઓને મફત ગેસ કનેકશન આપવાની યોજના ૧ મે ૨૦૧૬ના રોજ ઉત્તરપ્રદેશના બલીયાથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ



પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં ૩૨ હજાર લાભાર્થીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. ઓઈલ કંપની અને કલેકટર કચેરીના સહયોગથી વર્ષના અંત સુધીમાં ૧ લાખ ગરીબ લાભાર્થીઓને ગેસ કનેકશન આપવાનો લક્ષ્યાંક પુરો કરવા તંત્રએ કવાયત હાથ ધરી છે. ઉજ્જવલા યોજના હેઠળ દેશમાં ૫ કરોડ ગેસ કનેક્શન આપવાના છે. અત્યાર સુધીમાં બે કરોડ ગેસ કનેક્શન આપી દીધા છે. સાબરકાંઠા ડીસ્ટ્રીક મોડલ ઓફિસર સોમરાજ મીણા અને ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી કૌશીક મોદી દ્વારા સાબરકાંઠાનો લક્ષ્યાંક પુર્ણ કરવા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.